બોર્ડ/નિગમોની લોન યોજનાઓ માટે એચ.ડી.એફ.સી. બેંકના ડીજીટલ સોલ્યુશન અને ઓટોમેશન માટે તા.૬/૩/૨૦૧૮ના રોજ ૧૫.૦૦ કલાકે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવશ્રીના અધ્યક્ષપદે યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ.

આ બેઠકમાં નીચેના અધિકારીઓ હાજર રહેલ હતા.

(૧) શ્રી કે.જી.વણઝારા, અધિક સચિવશ્રી(વિજાક), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) શ્રી એચ.જી.ભાભોર, સંયુક્ત સચિવશ્રી(આઈ.ટી.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) શ્રી કમલેશ શાહ, નાયબ સચિવશ્રી(અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) શ્રી મહેશ બી. પટેલ, ઉપસચિવશ્રી(આઈ.ટી.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) શ્રી આર.બી. વસાવા, ઈ/ચા. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ડૉ. આંબેડકર અંત્યોદય (અતિ પછાત જાતિ) વિકાસ નિગમ, બ્લોક નં.૪, પ્રથમ માળે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) શ્રી કે.એચ. ભુંભાલી, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, બ્લોક નં.૧૯, ૨જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૭) શ્રી જશવંત ગાંધી, મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૮) શ્રી કે.એચ.પંડ્યા, મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, બ્લોક નં.૧૦, ૨ જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૯) શ્રી વિરલ ભટ્ટ, બ્રાન્ચ મેનેજરશ્રી, એચ.ડી.એફ.સી. બેંક, જી/૨, ભોંયતળિયે, સુપર મોલ-૨, ઘ-૦ સર્કલ નજીક, ઈન્ફોસિટી, ગાંધીનગર-૩૮૨૦૦૯.

(૧૦) શ્રી ધવલ પારેખ, ક્લસ્ટર હેડ, એચ.ડી.એફ.સી. બેંક, જી/૨, ભોંયતળિયે, સુપર મોલ-૨, ઘ-૦ સર્કલ નજીક, ઈન્ફોસિટી, ગાંધીનગર-૩૮૨૦૦૯.

(૧૧) શ્રી નીરવભાઈ શાહ, રીજીયોનલ સેલ્સ મેનેજરશ્રી, એચ.ડી.એફ.સી. બેંક, જી/૨, ભોંયતળિયે, સુપર મોલ-૨, ઘ-૦ સર્કલ નજીક, ઈન્ફોસિટી, ગાંધીનગર-૩૮૨૦૦૯.

(૧૨) શ્રી અલગોતર, મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૩) શ્રી બી.એસ.પટેલ, સમાજ કલ્યાણ અધિકારી, મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ, બ્લોક નં.૧૧, ૨ જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૪) શ્રી એમ.કે.પરમાર, ઈ/ચા. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, બ્લોક નં.૧૦, ૨ જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૫) શ્રી આર.એન.પ્રજાપતિ, સેક્શન અધિકારી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

બેઠકમાં સૌને આવકારીને અગ્ર સચિવશ્રીએ બેઠકની શરૂઆત કરી.

આ વિભાગ હસ્તકના નિગમો દ્વારા લાભાર્થીઓને લોન મંજૂર કરી તેને રીકવર કરવાની કામગીરી મેન્યુઅલી અને જુદા જુદા સોફ્ટવેરનો ઉપયોગ કરી કરવામાં આવે છે.

વિવિધ નિગમો સોફ્ટવેરનો ઉપયોગ કરે છે તે તમામ સોફ્ટવેર જુદા જુદા છે. નિગમોની લોન અંગેની યોજનાઓ એક સમાન જેવી છે. પરંતુ તેની કામગીરીના સોફ્ટવેરમાં એકસૂત્રતા નથી. લોન રીકવરીની કામગીરી મેન્યુઅલી કરવામાં આવે છે. અને જ્યાં સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવે છે ત્યાં રીકવરીની મેન્યુઅલ એન્ટ્રી કરવામાં આવે છે. પરિણામે લાભાર્થીઓની લોન તથા રીકવરીની ચોક્કસ વિગતો મેળવવામાં તકલીફ પડે છે. લાભાર્થીઓના ખાતા (Ledger) અદ્યતન (Update) હોતા નથી.

તમામ નિગમોની કામગીરી લાભાર્થીઓને લોન આપવાની છે. અર્થાત નિગમોએ લોન મંજૂર કરી તેને રીકવર કરવાની એક જ પ્રકારની કામગીરી કરવાની હોવાથી તમામ નિગમો માટે એક જ સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવે તો આ કામગીરીમાં એકસૂત્રતા જળવાય તથા લોન અને તેની રીકવરીની ચોક્કસ અને અદ્યતન માહિતી Real Time માં મળી શકે.

એચ.ડી.એફ.સી. બેંકે તેમના તા.૧૫/૨/૨૦૧૮ના પત્રથી આ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના બોર્ડ/નિગમો દ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત મંજૂર કરવામાં આવતી લોન તથા તેની રીકવરીની કામગીરી માટે વિના મૂલ્યે લોન મેનેજમેન્ટ સોફ્ટવેર પુરો પાડવા તથા તેનું વિના મૂલ્યે ઓપરેશન અને મેઈન્ટેનન્સ કરવા તથા ભવિષ્યમાં જરૂરિયાત મુજબ સોફ્ટવેરમાં વિના મૂલ્યે ઘટતા ફેરફાર કરી આપવા માટે એચ.ડી.એફ.સી. બેંકે દરખાસ્ત કરેલ છે. આ દરખાસ્તની વિચારણા માટે તા.૬/3/૨૦૧૮ના રોજ 3.00 કલાકે આ વિભાગના કમીટી રૂમમાં વિભાગના સંબંધિત અધિકારીઓ, નિગમોના અધિકારીઓ તથા એચ.ડી.એફ.સી. બેંકના પ્રતિનિધિઓની બેઠક અગ્ર સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને મળેલ હતી.

(૧) બેઠકની શરૂઆતમાં એચ.ડી.એફ.સી. બેંકે નિગમો દ્વારા લોન મંજૂર કરવા અને તેની રીકવરી મેનેજમેન્ટ માટે સોફ્ટવેરનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. ત્યારબાદ લોન મંજૂર કરવા અને તેની રીકવરી માટે વિવિધ નિગમો દ્વારા જે પ્રક્રિયા અનુસરવામાં આવે છે તેની ચર્ચા વિચારણા કરવામાં આવી તથા નિગમો દ્વારા લોન મંજૂરી અને રીકવરી માટે તેમની જરૂરિયાત રજૂ કરવામાં આવી. નિગમોની પૃચ્છા અન્વયે નિગમોની તમામ યોજનાઓ-પેટા યોજનાઓ અંતર્ગત લોન મંજૂર કરવાની કામગીરી તથા તેનું રીકવરી મેનેજમેન્ટ કેવી રીતે થઈ શકશે તેની વિસ્તૃત સમજ એચ.ડી.એફ.સી. બેંક દ્વારા આપવામાં આવી.

(૨) એચ.ડી.એફ.સી. બેંકના સોફ્ટવેરથી લોનની કામગીરી કરવાથી નવી સિસ્ટમને કારણે શરૂઆતમાં મુશ્કેલીઓ ઉદભવશે તેના નિવારણ માટે નિષ્ણાત વ્યક્તિઓ દ્વારા શરૂઆતના તબક્કે હેન્ડ હોલ્ડીંગ સપોર્ટ પુરો પાડવા નિગમોએ માગણી કરી. કામગીરીની શરૂઆતના 3 થી ૬ માસ માટે દરેક નિગમને તેની ગાંધીનગરની કચેરી ખાતે નિષ્ણાત વ્યક્તિઓ દ્વારા હેન્ડ હોલ્ડીંગ સપોર્ટ વિના મૂલ્યે પુરો પાડવા, હયાત સ્ટાફને વિના મૂલ્યે તાલીમ આપવા તથા એચ.ડી.એફ.સી. બેંકના સોફ્ટવેરમાં નિગમોના જુના લોન ડાટાને બેંક દ્વારા વિના મૂલ્યે ડીજીટાઈઝ કરવા એચ.ડી.એફ.સી. બેંકે સંમતિ આપી.

(3) એચ.ડી.એફ.સી. બેંકે તેમના તા.૧૫/૨/૨૦૧૮ના પત્રથી નિગમોની લોન મંજૂરી અને રીકવરી સોફ્ટવેર વિના મૂલ્યે પુરો પાડવા, જરૂરિયાત મુજબ તેમાં ઘટતા ફેરફાર કરી આપવા તથા ભવિષ્યમાં જરૂરી

ફેરફાર વિના મૂલ્યે કરી આપવાની દરખાસ્ત પરત્વે ચર્ચા વિચારણા કરીને નિગમોએ તા.૧/૪/૨૦૧૮ થી શરૂ થતા નવા નાણાકીય વર્ષમાં લોન મંજૂર કરવા અને રીકવરી માટે એચ.ડી.એફ.સી. બેંકના સોફ્ટવેરનો ઉપયોગ કરવા અને જુના લોન ડાટાને તબક્કાવાર આ સોફ્ટવેરમાં ડીજીટાઈઝ કરવા નિર્ણય કરવામાં આવ્યો. આ અંગે આનુષંગિક કામગીરી ઝડપથી કરવા નિગમોને તથા નિગમોએ બેંક સાથે કરવાના એગ્રીમેન્ટ/એમ.ઓ.યુ.નો ડ્રાફ્ટ સત્વરે રજુ કરવા એચ.ડી.એફ.સી. બેંકને અગ્ર સચિવશ્રીએ સૂચના આપી.

અગ્ર સચિવશ્રીએ હાજર રહેલ સૌનો આભાર માની મીટીંગ પૂર્ણ થયેલ જાહેર કરી.

(એચ.જી.ભાભોર)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

---

ક્રમાંક:CMP-૧૦૨૦૧૮-૯૯૧૩૦-કો.સેલ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
બ્લોક નં.૫, ૯ મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૮/૩/૨૦૧૮

<u>નકલ રવાના પ્રતિ</u>

૧. અધિક સચિવશ્રી (વિજાક),
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨. સંયુક્ત સચિવશ્રી(આઈ.ટી.),
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૩. નાયબ સચિવશ્રી(અજાક),
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૪. નાયબ સચિવશ્રી(સસુ),
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૫. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ,
બ્લોક નં.૧૦, ૨ જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૬. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ,
બ્લોક નં.૧૧, ૨ જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૭. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ,
બ્લોક નં.૨, ૩ જો માળ, બી-વીંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

૮. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,
બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૯. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ,
બ્લોક નં.૧૧, ૨ જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૦. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ,
બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૧. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ડૉ. આંબેડકર અંત્યોદય (અતિ પછાત જાતિ) વિકાસ નિગમ,
બ્લોક નં.૪, પ્રથમ માળે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૨. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ,
બ્લોક નં.૧૯, ૨જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૩. બ્રાન્ચ મેનેજરશ્રી, HDFC Bank Limited,
જી/૨, ભોંયતળિયે, સુપર મોલ-૨, ઘ-૦ સર્કલ નજીક, ઈન્ફોસિટી, ગાંધીનગર-૩૮૨૦૦૯.

૧૪. સિલેક્ટ ફાઈલ.

(આર.એન.પ્રજાપતિ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ